સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

બાંધીને વિશ્વાસની દોરી, કઠપૂતળી નચાવે મુલાયમ!
પડાવી સ્વાર્થનાં પેકેજ ખૂદનાં સ્વપ્નો સભાવે મુલાયમ!
હૃદયમાં છે શિલાબે ખડકો બહારથી, દેખાવે મુલાયમ!
પાથરી કંટક કોઇને રસ્તે સ્વ-માર્ગ બનાવે મુલાયમ!
(મૂલાયમ - ગૂંલાટ)

બાળ-શાળામાં,
ને સચિવાલયમાં
છે વેકેશન!
(જવાબદારી છટકોત્સવ)

'પઝલ' જેવા
છે 'સર્વ' - 'શિક્ષણ' પાત્ર
લાંચ ખાતામાં
(કમીશનોત્સવ)

ચિંતન

વિદેષવાં ગ્રામં વિબુધવિધુરાં ભૂપતિ સભાં મુખંશ્રુત્વા હીનં મનુષ્યપતિગૂણ્નં ચ વિપચમ્ ।
અનાચારદ્વારાનપહરિ કચં કાવ્યમપિ ચ પ્રવક્તૃત્વાપેતં ગુરુમપિ સુબુદ્ધિઃ પરિસ્તેત ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક, બુદ્ધિમાન વ્યક્તિએ કોનો ત્યાગ કરવો એ સમજાવે છે :

'વિધિ, દૈવ અથવા કુદરતના નિયમોના જ્ઞાન-વિજ્ઞાન વિનાનું, અથવા દેવજ્ઞ-જ્યોતિષી વિનાનું, ગ્રામ, બુદ્ધિમાન જનો વિનાની રાજસભા, વેદ વણનો વિનાનું મુખ, રાષ્ટ્ર વિનાનો દેશ, અનાચારવાળી સ્ત્રીઓ, ભગવાનની કથા વિનાનું કાવ્ય અને સારા વક્તૃત્વ વિનાના - એટલે કે કોઇ પણ શાસ્ત્રનો મર્મ સરળ રીતે ન સમજવી શકે એવા ગુરુ-વિદ્વાનનો બુદ્ધિમાનોએ ત્યાગ કરવો.'

કોઇ પણ પ્રકારના વિધિવિધાન-ક્રિયાકાંડ જાણનારો જે ગામમાં ન હોય, કુદરત-હવામાનની બાબતો જે ગામમાં જાણનાર ન હોય, અને જ્યોતિષ વિદ્યા-અવકાશી જ્ઞાન-ગ્રહ દશાઓ બાબત જાણનાર જે ગામમાં ન હોય, રાજસભા (ઠોકસભા) માં બુદ્ધિ અને વિકાસને બદલે એકમેકનાં ટાંટીયાખેંચ કરનારા હોય, જ્યાં દુરાચારી સ્ત્રીઓ હોય, અને સાત્વિક કાવ્યો રચનારા સાહિત્યકારો ન રહેતા હોય, અને એવા શિક્ષક-ગુરુ-વિદ્વાન હોય તે શાસ્ત્રોનું જ્ઞાન પોતે તો ન સમજે અને ન સમજવી શકે તેવા હોય એ ગામ-શહેર-દેશનો ત્યાગ કરવો.

સુવિચાર

- અજ્ઞાન નહિ પણ અજ્ઞાન વિશેનું અજ્ઞાન જ જ્ઞાનનું મૃત્યુ છે - **બોર્નહેક વ્હાઇટહેડ**
- જ્ઞાન, સિદ્ધિ કે સમજ મેળવવાં હોય તો તમારા ચિત્તને સદાય ખુલ્લું રાખો - **વિલ્યમ મૂ**
- વસ્તુઓને ઘૂટી પાડીને જોવાથી જ્ઞાન મળે છે, અને વસ્તુઓને ભેગી કરીને જોવાથી ડહાપણ મળે છે - **જોસેફિસન**
- હું મૂર્ખ-અજ્ઞાન હું તે જાણું એ જ જ્ઞાનનું આરંભ બિંદુ છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- તું તારી જાતને સંપૂર્ણ રીતે ઓળખ, એ જ જ્ઞાન છે - **સોક્રેટીસ**
- ગ્રંથોને વાંચ્યા નથી છતાં મુશ્કેલીના સમયમાં તમને કિંમતી સલાહ આપી શકે છે, ગ્રંથોને વાંચ્યા નથી છતાં દુઃખીજનોનો આંસુ લૂછી શકે છે - **સંમિતા**
- જે પુસ્તકો બંદ જ રહે છે તે કાગળના ઢગલાં જેવું જ છે - **મુનિશ્રી ચંદ્રપ્રભાસાગરજી**

બોધકથા

આજકાલ તો શિક્ષકો-પ્રોફેસરો પણ પગારવધારા અને કામના બોજ માટે હડતાળ - ઘણાં કરી, શિક્ષણક્ષેત્રને લાંછન લગાડે છે.

નાનાભાઇ ભટ્ટને શામળદાસ કોલેજ ભાવનગરમાં પ્રોફેસરનું પદ મળ્યું હતું છતાંય તે છોડી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં મામૂલી પગારથી 'શિક્ષક' તરીકેનું સેવાકાર્ય સ્વીકાર્યું.

..અને એ પછી પણ, દક્ષિણામૂર્તિ - વિદ્યાર્થી ભવનની જૂની પ્રતિષ્ઠિત અને પાંગરેલી વિદ્યાસંસ્થા છોડીને તેઓ આંબલા ગામની શિક્ષણ સંસ્થામાં ગ્રામસેવા કરવાના આશયથી જોડાયા.

કોઇએ તેમને આવી - ઓછા પગારની નોકરી સ્વીકારવાનું કારણ પૂછ્યું ત્યારે ભદ્રજી એ ગૌરવપૂર્વક જવાબ દીધો :

'ભાઇ! મારે ત્યાં ક્યાં દુઃખણા હતા! હે અમે દૂધે ધાણુ કરતા! હું તો લોટ માગુ બ્રાહ્મણનો દીકરો ભલ્યો તેથી શું વિદ્યા વેંચવાની? સમાજના ગરીબ વિદ્યાર્થીને હું જો ન ભણાવી શકું તો મારી વિદ્યા શા ખપની? સાદું જીવન જીવવાના મને કોડ છે, મને ગરીબાઇની કોઇ દિવસ હીણપત લાગતી નથી. એવા ગરીબ છતાં સંસ્કારી જુવનમાં જ મને રસ છે.'

પછીથી એમણે પ્રધાનપદનો પણ ત્યાગ કર્યો હતો, એમાં 'કમાડો' ન જોઇએ એ કારણ હતું.

જીવન જીવવાની શીખ મળ્યા બાદ ક્યાંક મુસીબત દેખાવા પર, ક્યાંક ડર લાગવા પર, ક્યાંક પગ ડગમગી જવા પર કે મદદની જરૂર પડવા પર બાળકના મોટે સહુ પ્રથમ જે શબ્દ સરી પડતો હોય છે તે હોય છે, 'પપ્પા...'

હાથની જે આંગણી પકડીને જીવનમાં પહેલીવાર 'પા - પા પગલી' કસ્તાં શીખતું બાળક 'પાપા' બોલવા લાગે છે એ દિવસ દુનિયામાં દરેક બાપ અને બાળક બંને માટે 'ફાધર્સ ડે' બરાબર હોય છે. જીવનનું પહેલું પગલું ભરવાની અને જીવન જીવવાની શીખ એક પિતા પાસેથી જ મળે છે. જીવન જીવવાની શીખ મળ્યા બાદ ક્યાંક મુસીબત દેખાવા પર, ક્યાંક ડર લાગવા પર, ક્યાંક પગ ડગમગી જવા પર કે મદદની જરૂર પડવા પર બાળકના મોટે સહુ પ્રથમ જે શબ્દ સરી પડતો હોય છે તે હોય છે, 'પપ્પા...'

જાણે આ શબ્દ સાંભળવાની જ રાહ જોતા હોય તેમ 'પપ્પા' ત્યાં હાજર થઇ જતાં હોય છે. જ્યારે બાળક પિતાની ઊંગ મળવા પર પોતાની જાતને સુરક્ષિત માનવા લાગે છે. જેમ એક છછંદૂરને જંગલના રાજા સિંહને સંગાથ સહારો મળી ગયો હોય! પપ્પાના આવી જવા પર દુનિયાને ચેલેન્જ કરવા લાગે છે કે, 'હવે આવી જવા!' હું આ વાત બાળપણ પૂરતી નથી કરી રહી, પણ બાળાવસ્થામાંથી કિશોરાવસ્થા, યુવાવસ્થા કે ત્યાર પછીના જીવનના તબક્કાઓમાં પણ આ વાત એટલી જ હદે લાગુ પડે છે. કારણ કે, દરેક બાળકનો જીવનના દરેક તબક્કે પિતાની જરૂર પડતી હોય છે. જીવનના દરેક ઉતાર ચઢાવમાં, કારકિર્દીના ઘડતરમાં અને લગ્ન પછી કદાચ ન ગણીએ તોય લગ્ન સુધી તો ખરી જ... અને,

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

અને પિતા જીવનનો મોટો હિસ્સો પરિવારની જીવનશૈલી સર્જવા પાછળ સમર્પિત કરી દે છે. સંતાનો અને પરિવાર પાછળ બલિદાન તેમજ તેમની સારસંભાળ લેવા બદલ તેને સન્માનિત કરવાનો એક દિવસ પણ મળી જાય તો ફાધર્સ ડે એ એક એવો જ દિવસ છે, જે દિવસે પિતાના પિતૃત્વને ઉજવવામાં આવે છે. આ ફાધર્સ ડે દુનિયામાં જુદી જુદી તારીખે ઉજવાય છે. અમેરિકામાં આધુનિક ફાધર્સ ડેની ઉજવણી ૫, જુલાઇ ૧૮૦૮ ના રોજ હેરમોન્ટ વેસ્ટ વર્જિનિયામાં કરવામાં આવી હતી. જે દેશોની સંસ્કૃતિ પર ક્રેથોલિક ધર્મનો પ્રભાવ વધારે છે. ત્યા સેન્ટ જોસેફસ ડે, ૧૯ માર્ચના દિવસે ફાધર્સ ડે મનાવવામાં આવે છે. પણ હવે આ દિવસ ધર્મ અને ભૌગોલિક સીમાઓથી પર થઇને મોટા ભાગે આખી દુનિયામાં એક જ દિવસે મનાવવામાં આવે છે. જે હોય છે જૂન મહિનાનો ત્રીજો રવિવાર!!

હાલના જમાનામાં પિતા માટે એક ખાસ દિવસ મનાવવાનું ચલણ અમેરિકામાં વોશિંગ્ટન શહેરના સ્પોકેનથી શરૂ થયું. ત્યા સેનોરા સ્માર્ટ નામની એક યુવતીએ પોતાના પિતા પ્રત્યે સન્માન અને પ્રેમ વ્યક્ત કરવા માટે આ દિવસને સેલિબ્રેટ કરવાની શરૂઆત કરી. સનોરાના પિતા તેનાથી અનહદ પ્રેમ કરતા હતા. અને તે તેમને દેખાડવા માંગતી હતી કે મારા જીવનમાં તમારું જું સ્થાન છે. પિતાનો જન્મદિવસ જૂન મહિનામાં હતો. આથી સનોરાએ ૧૯ જૂન, ૧૯૧૦ ના રોજ પહેલાં ફાધર્સ ડે મનાવ્યો.

અમેરિકા અને ઇંગ્લેન્ડના પગલે ભારતમાં પણ ફાધર્સ ડે મનાવવામાં આવી રહ્યો છે. મેટ્રોપોલિટન સીટી અને મોટા શહેરોમાં ફાધર્સ ડે ને લઇને ઘણો ઉત્સાહ જોવા મળે છે. લોકો આ દિવસે પિતા પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરવા માટે પપ્પાને ફૂલ, ગિફ્ટ કાર્ડ વગેરે આપે છે. પશ્ચિમના દેશોમાં તો ફાધર્સ ડે ને લઇને બાળકોમાં એટલો ઉત્સાહ હોય છે કે તે ઘણા દિવસો પહેલાથી ફાધર્સ ડેની તૈયારી શરૂ કરી દે છે. તેઓ પોતાના હાથે પપ્પાને માટે સરસ મજાનું કાર્ડ બનાવે છે. પપ્પા સાથે ડિનર માટે બહાર જઇને, પિકનિક પર જઇને કે પછી ફિલ્મ જોવાનો પ્રોગ્રામ બનાવીને બાળકો ફાધર્સ ડે સેલિબ્રેટ કરે છે. કહેવાય છે કે, ગુલાબ ફાધર્સ ડે માટેનું ખાસ ફૂલ છે. પિતાને આ દિવસે લાલ રંગનું ગુલાબ ગિફ્ટ કરવામાં આવે છે અને જો પિતા આ દુનિયામાં ન હોય તો તેમને સફેદ ગુલાબ સાથે યાદ કરવામાં આવે છે. આવા ફાધર્સ ડે ભલે વરસમાં એક દિવસ આવતાં હોય પણ તે આખા વરસ માટે બાપ-દીકરા કે પિતા-દીકરી વચ્ચેના સંબંધોને વધારે ને વધારે પ્રેમ અને ઊંડ ભર્યા બનાવી જતા હોય છે.

આમેય દરેક વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસના પિતાની હાજરી કે વર્ચ્યુઅલની અસર વર્તાઇ આવે છે. એડોલ્ફ હિટલરનો પિતા એલોઇસ ઘરમાં નિષ્ઠુર શાસકની જેમ વર્તતો તે સતત રીસાયેલ કરતો રહેતો અને દારૂના પીઠામાં પડ્યો રહેતો. તે નાના એડોલ્ફને ગેંડાના ચામડામાંથી બનાવેલ હન્ટરથી ઝૂડતો. હિટલરના વિકૃત નાઝીવાદી માનસના સર્જન પાછળ પિતાનું અત્યાચારી વર્તન જવાબદાર રહ્યું હશે. બીજી તરફ મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનસ્ટાઇનના પિતા અને કાકાએ ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટનું ઉત્પાદન શરૂ કરેલું. એક દિવસ નાના આલ્બર્ટને પિતાએ પોકેટ કમ્પાસ દેખાડ્યો. જેમાં ખાલી અવકાશમાં ક્ષુબ્ધ હતું. જે સોયને હલાવી રહ્યું હતું. આલ્બર્ટે તેના આ અનુભવને ઊંડી અને સ્થાયી અસર છોડનાર ગણાવ્યો. પિતાના ટેકનિકલ અને વિજ્ઞાનના વિષયમાં રસને કારણે આઇનસ્ટાઇન વિજ્ઞાન તરફ આકર્ષાયા હતા.

જો કે, ફાધર્સ ડે બાપ-દીકરાના સંબંધોનો જ દિવસ નથી. જાણકારોનો દાવો છે કે જે દીકરાઓ તેમના પપ્પાની લાડકવાયી હોયછે. તે પોતાના પતિમાં પિતાની છબિ જોઇતી હોય છે. જ્યારે એક છોકરી બાળઅવસ્થામાંથી કિશોરાવસ્થામાં પ્રવેશ કરે છે. ત્યારે પિતા સાથેના તેના સંબંધો તેના મન પર ઘેરી છાપ છોડી જતા હોય છે. જેનું મહત્ત્વ પતિની પસંદગી કરતી વખતે વધી જતું હોય છે. દીકરી તેના ભાવિ પતિમાં એ જ લક્ષણઓ જોવાની ઇચ્છા રાખે છે. જે તેના પિતામાં હોય! એ સમયે પિતાને શહેરો - સ્વભાવ, પ્રેમ દીકરીના મગજમાં એ રીતે વસી જાય છે કે પતિની પસંદગી કરવા માટે તે એક આદર્શરૂપ બની જાય છે.

પણ આ આદર્શ પિતાને પણ જરૂર પડે છે, તમારી ઢૂંઢ્ની, તમારા સાથ-સંગાથની જ્યારે એ પહોંચે છે ઘડપણની સાંકડી કેડી પર! જ્યારે તેને ક્યાંક મુસીબત દેખાવા પર, ક્યાંક ડર લાગવા પર, ક્યાંક પગ ડગમગી જવા પર સંતાનોની જરૂર પડે છે. એ વખતે જો એ 'ઘડડા સિંહને તેના હાથમાં ઉભરેલાં બરડાઓ તરફથી હામી કે હુંકારો પણ મળી જતો હોય તો તે જિંદગીને 'હવે આવી જાવ!' કહેવા તૈયાર થઇ જતો હોય છે!' જેમાં જિંદગીના છેલ્લા વરસો તેના માટે ફાધર્સ ડે નહિ, બલ્કે 'ફાધર્સ ઘર - પિતૃવર્ષ' જેવા બની જતા હોય છે...!

શિક્ષક બનવા માટેનું ઉત્તમ આધારભૂત સંદર્ભ પુસ્તક

કોઈ પણ ક્ષેત્રે યોગ્ય દિશામાં મહેનત કરવામાં આવે તો ધારી સફળતા મળે છે. આવી દિશા નક્કી કરી આપવામાં પુસ્તકોનો ખુબ જ અગત્યનો ફાળો હોય છે, આજકાલ દરેક ક્ષેત્રે હરિફાઈનું તત્ત્વ મહત્ત્વનું બની ગયું છે. તમે જે ક્ષેત્રમાં જવા માગતા હોય તેની લાયકાત ધરાવતી એ પૂરતું નથી. તેના માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સરકારશ્રી દ્વારા લેવામાં આવે છે તેમાં સફળતા પૂર્વક અને ઝળહળતી કક્ષેત મેળવવાની ઈચ્છા દરેક રાખતા હોય છે. ત્યારે તેને યોગ્ય માર્ગદર્શન મળે તો ઓછી મહેનતે પણ વધુ સફળતા મેળવવામાં વાંધો આવતો નથી. ત્યારે આવી પરીક્ષા માટેની તૈયારી કરતાં હોય તેમના માટે ઉપયોગી થઈ પડે તેવાં પુસ્તકની માહિતી અહીં આપવાનો પ્રયત્ન કર્યો છે. જે પરીક્ષા આપનારને ઉપયોગી થશે. તેવી મને શ્રધ્ધા છે.

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સરકારશ્રી દ્વારા ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં એટલે કે ધો-૬ થી ૮ માં શિક્ષક બનવા માટેની પ્રવેશ પરીક્ષા TET લેવામાં આવે છે. જેમાં ૧૫૦ ગુણનું પેપર બે વિભાગમાં હોય છે. આ પરીક્ષામાં પ્રશ્નો બહુ વિકલ્પ પ્રકારના હોય છે. જેમાં સામાન્ય જ્ઞાન, તાર્કિક અભિયોગ્યતા, અંગ્રેજી - ગુજરાતી એટલા વિષયો પ્રથમ વિભાગમાં હોય છે.

'ડિવાઈન પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી' નામે, સંપાદક - અમૃત ચૌધરી દ્વારા TET ૬ થી ૮ માટેની પરીક્ષાના પ્રથમ વિભાગ માટે ઉપયોગી સામગ્રીનું ચયન કરીને એક સરસ સંદર્ભ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે. અંદાજિત ચારસો જેટલાં પૃષ્ઠોમાં અહીં સામાન્ય જ્ઞાન, તાર્કિક અભિયોગ્યતા અંગ્રેજી અને ગુજરાતી વિષયોને લગતી સામગ્રી ખુબ જ પ્રમાણભૂત રીતે આપવામાં આવી છે. કારણ કે આ પુસ્તક જે - તે વિષયના નજરણોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાંથી પસાર થતાં કુલ ચાર વિભાગોમાં વ્યવસ્થાયેલું જોવા મળે છે.

વિભાગ-૧ તાર્કિક અભિયોગ્યતાનો છે. જેમાં શિક્ષકની અભિરૂચિ, શૈક્ષણિક અભિયોગ્યતા, બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાંતો, વિગેરે બહુવિકલ્પ પ્રશ્નોત્તરી રૂપે રજૂ કરેલ છે. તો વિભાગ-૨ ભાવા પ્રાવિણ્યનો રાખવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી ભાષાદીય પ્રાવિણ્ય, ભાષા સાહિત્ય, શબ્દ સમુહ માટે એક શબ્દ MCQ , કવિ-લેખકોનાં તખલ્લુસ જેવી સુંદર અને બહોળી સામગ્રી આપવામાં આવી છે. તો વિભાગ-૩ સામાન્ય જ્ઞાન માટેનો છે. જેમાં જુદાં જુદાં ક્ષેત્રો અને વિષયો અંગેનું ખાસ પરીક્ષાલક્ષી સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તરી રૂપે આપવામાં આવ્યું છે તેમજ સાંપ્રત પ્રવાહો પર બે પ્રકરણોમાં સામાન્ય જ્ઞાન પીરસવામાં આવ્યું છે. જે પરીક્ષા આપનારને ખુબ જ ઉપયોગી થઈ પડે તેવું છે. વિભાગ-૪ અંગ્રેજી ભાષા માટેનો છે. તેમાં શબ્દ ભંડોળ, મૂંઝવતા સ્પેલિંગ, આર્ટિકલ, વાક્ય, આગળની સ્થિતિ, નામ, સર્વનામ, કાળ, તેમજ અંગ્રેજી MCQ-1 અને 2 નો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પુસ્તકમાં શરૂઆતમાં જ TET-ની આ પરીક્ષાની અગત્યતા, ઉપયોગીતા અને તે માટેની તૈયારી કઈ રીતે કરવી તેની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવી છે. તેમજ દરેક વિભાગની તૈયારી કઈ રીતે કરવી તેમાં કયાં કયાં વિષયની કેટલા ગુણની કઈ રીતે કસોટી લેવામાં આવે છે. તેના નિયમો શું છે વિશે તે વિગતો ખુબ જ સરળ અને સરસ રીતે સમજાવવામાં આવી છે.



પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી
લેખન - સંપાદન : અમૃત ચૌધરી
પ્રકાશક - ડિવાઇન પબ્લીકેશન્સ, ૩૦, ત્રીજે માળ,
કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડેલ સિનેમા ગાંધી રોડ, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨-૧૩, કિંમત - રૂા. ૨૫૦/-

વિભાગ-૨ ના ત્રણ વિષયો શિક્ષક માટે જુદા જુદા રહેશે જે વિભાગ-૨ ગણિત - વિજ્ઞાનની કસોટી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક તથા તેમજ વિભાગ-૨ સામાજિક વિજ્ઞાનની કસોટી સામાજિક વિજ્ઞાનના શિક્ષક થવા માટે પાત્ર કરવાની રહે છે. આ દરેક વિભાગમાં ૩૫-૩૫ પ્રશ્નો રહે છે. જેનો સળંગ સમય ૧૨૦ મિનિટનો હોય છે. આ પરીક્ષા જરૂરી લાયકાતો માટેની છે. તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ, જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતિ, બિન અનુદાનિત અને અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે પસંદગી પામવા માટે ફરજિયાત છે. પરંતુ તેનાથી શિક્ષક તરીકે પસંદગીનો હક્ક મળતો નથી. શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની માન્યતા અવધિ પાંચ વર્ષની છે. પરંતુ આ કસોટી આપવા માટે પ્રયત્નોની સંખ્યા નિયમ કરવામાં આવી નથી ગમે તેટલા પ્રયત્નો આ કસોટી આપવા માટે માન્ય છે. વળી એક વખત શિક્ષક યોગ્યતા કસોટી આપી દીધા પછી ફોર્ડ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા Merit માટે એક કરતાં વધુ વખત પરીક્ષા આપી શકે છે. જેમાં છેલ્લી કસોટીના ગુણ પસંદગી માટે માન્ય ગણાય છે.

હાલમાં TET ની પરીક્ષા નજીકમાં જ છે. ત્યારે આ પુસ્તક લઈ વાંચો અને સફળતાઓ તેવી સી પરીક્ષા આપનારાઓને શુભેચ્છા સાથે અમૃતભાઈએ ડિવાઈન પબ્લીકેશન દ્વારા પ્રગટ કરેલ આ પુસ્તક માટે તેમને પણ અભિનંદન પાઠવી પુસ્તકને આવકારૂં છું.

બપોરે જમવાનો સમય થવા છતાં સંધ્યા આવી નહિ આથી તેના મમ્મી તુરંત સંધ્યાની રૂમમાં ગયાને જોયું તો સંધ્યા વાંચવાના બદલે જમીન પર અસ્તવ્યસ્ત પડેલી હતી, તેના મમ્મીની હૃદયની ધડકન વધી ગઈને સ્તબ્ધ થઈ ગયા

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પકરણ-૨૨)

- જયંતીલાલ મકવાણા

(ગતાંકથી આગળ)

સૌ મિત્રોએ આઈસ્ક્રીમ ખાને આનંદથી પરિણામની ઉજવણી કરી અને હરખાતાં હરખાતાં સૌ મિત્રો છૂટા પડ્યા.

એમ.એ.નું પરિણામ આવી જતાં સંધ્યા અને દેવું બંને નોકરી માટે અરજીઓ કરવા લાગ્યા. થોડા દિવસો પસાર થયા ત્યાં નારી કેન્દ્રમાં વર્ગ એકના અધિકારી માટે જે અરજી કરી હતી તેનો ઈન્ટરવ્યુ કોલ આવ્યો. બંને ઈન્ટરવ્યુની તૈયારી કરવા લાગી ગયા.

સંધ્યા એમ.એ. થઈ જતાં તેના મા - બાપ અતિ આનંદમાં આવી ગયેલા. આથી જમનાદાસે એક 'દી કહ્યું કે, 'જમના, આપણે હવે સંધ્યાના લગ્ન કરી દેવા જોઈએ!'

હા, આપણે હવે આ જુવાનજોધ દીકરીને ઘરમાં રખાય. એની લગ્ન કરવાની ઉંમર થઈ ગઈ છે.

'જમના, તું એમ કરને દેવોને જ પૂછી જોને કે સંધ્યા લગ્ન માટે કાંઈ વિચાર છે કે નહિ!'

'તમારી વાત સાચી છે સંધ્યા આપણું નહિ માને એના મનમાં જે હશે તે દેવાભાઈને પેટછૂટી વાત કરી દેશે!'

'તું, પણ એને પૂછી તો જો એનો શું અભિપ્રાય છે?'

ના, સંધ્યાના બાપુ લગ્ન બાબત આપણે વાત કરીશું તો તે ગુસ્સે થઈ જાય છે, એટલે દેવાભાઈ જ સંધ્યાને સમજાવશે.

એક દિવસ રાતના જમી પરવારીને સૌ ગામગપાટા મારતાં ત્યારે જમનાએ કહ્યું કે, 'બેટા, સંધ્યા હવે તારૂં ભણવાનું પૂરું થઈ ચ્યું છે બરાબરને!'

'હા, મમ્મી પણ વાત શું છે.'

'દીકરી, આપણા સમાજમાં છોકરાઓને બહુ ભણેલી હોય છે.'

'પણ એમાં તકલીફ શું છે.'

' કેમ હું કોઈ થોડી નાની ગગી છું!'

'બેટા, આ સમાજની તને ખબર નથી!

'કેમ? કઈ બાબતની મને ખબર નથી.'

'આપણા સમાજમાં તારા જેટલું ભણેલા છોકરાઓ નથી મળતા સમજ!'

મમ્મીની સગપણ બાબતની વાત સાંભળતા સંધ્યા ગુસ્સે થઈ ગઈ ને બોલી ઉઠી, 'મમ્મી, આ બધી માથાકૂટ અત્યારે તું શા માટે કરે છે? મને ઈન્ટરવ્યુની તૈયારી કરવા દેને એમ કહેતા સંધ્યા તેના રૂમમાં જતી રહી.

સંધ્યાની મમ્મીએ પતિ પાસે જઈને કહ્યું 'આ સંધ્યા, મારૂં કે તમારૂં કહ્યું નહિ માને, માટે આપણે દેવાભાઈને જ આ કામ સોપવું પડશે!'

આમ સંધ્યાના માબાપની ચિંતા વધવા લાગી, સંધ્યા જીદ મુકે તેમ ન હતી. આ જુવાન દીકરીની સગપણ માટે રાહ જોવાય નહિ! એટલે સગા સંબંધીઓને છોકરો જોવા માટે જાણ કરી દેવી જોઈએ.

આ વાત વાયુ વેગે સમાજમાં પ્રસરી ગઈ. જ્ઞાતિના મેગેઝિનમાં સંધ્યાનો લગ્ન વિષયક બાયોડેટા પણ આપી દીધો.

આથી સંધ્યા જેવી હોંશિયાર અને ચબરાક છોકરીના કહેણ એક પછી એક આવવા લાગ્યા.

સંધ્યાને આ બાબતની જાણ થતાં તેને ગુસ્સો ચઢ્યોને તેના રૂમમાં પહોંચતા જમીન પર પડી ગઈ. તેના મા-બાપને આ બાબતની જાણ ન હતી. બપોરે જમવાનો સમય થવા છતાં સંધ્યા આવી નહિ આથી તેના મમ્મી તુરંત સંધ્યાની રૂમમાં ગયાને જોયું તો સંધ્યા વાંચવાના બદલે જમીન પર અસ્તવ્યસ્ત પડેલી હતી. તેના મમ્મીની હૃદયની ધડકન વધી ગઈને સ્તબ્ધ થઈ ગયા. સંધ્યાના કપાળમાં ઈંમિયું થઈ ગયેલું. તેને જગાડતા તેના મમ્મીએ કહ્યું, 'બેટા, સંધ્યા આ બધું શું છે? તને ખબર છે તું પડી ગઈ છું!'

સંધ્યા ચુપચાપ સાંભળી રહી પછી ધીમેથી કહ્યું, 'મમ્મી, મને તો કશી ખબર નથી પણ થોડા ચક્કર જેવું આવતાં બધું ગોળ ગોળ ફરતું દેખાતું પણ પછી શું થયું તેની ખબર નથી રહીં.'

' સારૂં... સારૂં... ચાલ આપણે નજીકના દવાખાનામાં જઈ આવીએ.'

ખાનગી દવાખાને જઈ ડ્રિપિંગ કરાવ્યું. ડૉકટરે વાગેલા ઘા પર મલમપટ્ટી લગાવી દીધી. ઘેર આવી મમ્મીએ કહ્યું, 'બેટા, તું છોકરાની ચિંતામાં પડી ગઈ કે શું!' મમ્મીના શબ્દો ઘરમાં ઘીની ઝાહુતી આપતા હોય તેવા લાગ્ય. આથી સંધ્યા બોલી ઉઠી, મમ્મી, તું મારી સાથે સગપણ વિશેની વાતો ન કરશી!'

આમ, સંધ્યાના મા-બાપ ચુપચાપ થઈ ગયા આ જુવાન દીકરીનું શું કરવું તે વિચારવા લાગ્યા.

સંધ્યા માટે દરરોજ નવા નવા માગા સગપણ આવવાનાં શરૂ થઈ ગયા. આથી સંધ્યાની ઉંદાસીનતા વધે જતી હતી. તેને કોઈ ઉમંગ ન હતો. તેના ચહેરાનું તેજ વિલીન થઈ ગયેલું. તણી તરંગેચઢી ગયેલી. દેવા સાથેના પ્રેમમાં બંને એકબીજાની નજીક આવી ગયેલા. આથી સંધ્યા અને દેવું પ્રેમમાં ઢળી પડેલા. આ પ્રેમની જાણ મા-બાપને કરવી કે નહિ! તે માટે સંધ્યાના હૃદયની ધડકન વધી ગયેલી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૯મી જૂન

મેરી ઝાંસી નહીં દૂંગી - એવી ઘોષણા કરનાર વીરાંગની લક્ષ્મીબાઇનું અવસાન તા. ૧૮-૬-૧૮૫૮.

૧૯૫૭ ના સ્વાતંત્ર્ય સંગ્રામની તેમણે આગેવાની લીધી. પીઠ પર ક્ષુંવરને બાંધી બે હાથમાં તલવાર તથા મોંમાં ઘોડાની લગામ રાખીને બહાદૂરી પૂર્વક લડનાર, ઝાંસીની રાણી આખરે જખ્મી થતાં સદાને માટે ઢળી પડી.

● ૧૯૬૨માં ૧૯મી જૂને ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસનનો અંત આવ્યો શ્રી ઢબજ્ઞમ ઓઝાની સરકાર અસ્તિત્વમાં આવી.